ગાંધીનગર સમાચાર
તા. ૭-૧-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સ્વાગતમ્ - વેલ્કમ, સવાઇ ભારતીયજનો!

વર્ષોથી જાન્યુઆરીના પ્રથમ ચરણમાં ઉજવાતો પ્રવાસી ભારતીય દિવસ અને ૨૦૧૫નો એનો 'વાઈબ્રન્ટ' ઓચ્છવ: બે વચ્ચે આભ-જમીનનું અંતર છે. પ્રવાસી ભારતીયો માટે અંગ્રેજીમાં 'નોન રેસિડેન્ટ ઈન્ડિયન' - એનઆરઆઈ શબ્દ પ્રચલિત છે. ઘણા બધા લોકો તો આ વિદેશવાસી ભારતીયોને 'નોટ રિક્વાયર્ડ' કે 'નોન રિસ્પોન્સિબલ' ઈન્ડિયન્સ ગણીને સુગાળવી નજરે જોતા હોય છે. જેમને પોતાનો દેશ વસવા લાયક જ ન લાગ્યો એમનાં વળી માનપાન શાનાં હોય! એમને પરદેશી જ રહેવા દો - એવો એક નકારાત્મક અભિપ્રાય પણ આ દેશની પ્રજામાં મોટા પ્રમાણમાં ફેલાયેલો છે. એની સામે દેશના ડાહ્યા માણસો આ પરદેશી દૂઝણી ગાયોને દોહી લેવાની વેતરણમાં બનાવટી સ્મિત સાથે હૂંફાળો આવકાર પણ આપતા રહ્યા છે. હકીકતમાં પ્રવાસી ભારતીય સમુદાય આ બેઉ પ્રકારના વલણથી પૂરતા પ્રમાણમાં વાકેફ છે. પરંતુ એમના હૈયે હજી વતન ઝુરાપો અકબંધ છે, એટલે એ બધી બાબતો નજરઅંદાજ કરીને વળી વળીને વતનની મુલાકાતે આવતા રહે છે. પોતે પરદેશ વેઠીને બે પાંદડે થયા, એ તો એમના પુરુષાર્થનો જ પ્રતાપ છે, પણ જે માટીમાં પોતાનું કે પૂર્વજોનું બાળપણ રોળાયું હતું, જેની હવા અને પાણી થકી પિંડ બંધાયો છે - એવી પોતાની અસલી ઓળખ, પોતાનાં મૂળિયાંને વીસરવાનું ધારીએ છીએ એટલું સહેલું નથી. એથી એમને ત્યાં ગામનું કે વતનનું કૂતરું પણ આવી ચડે તો એમને વહાલું લાગે છે. માણસ સંવેદનશીલ, સામાજિક પ્રાણી છે. એને લોહીની સગાઈ જેટલું જ માટીનું સગપણ આકર્ષતું રહે છે. પ્રવાસી ભારતીયોનો વતન પ્રત્યેનો સદ્ભાવ જળવાઈ રહે, એમને વતન પ્રત્યેનું ઋણ ફેડવાની તક સાંપડે, એ માટે ગ્રામપંચાયતથી લઈ ભારત સરકાર સુધીનું વહીવટીતંત્ર સક્રિય બન્યું છે, તેમાં 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી મહત્ત્વનું નિમિત્ત રહેતું આવ્યું છે. ગુજરાતમાંથી રોજગાર અર્થે અને ધંધાના વિકાસ અર્થે સેંકડો વર્ષોથી સાહસિક ગુજરાતીઓ વતનથી દૂર દૂર જઈને વસ્યા છે. જયાં ગયા ત્યાં એ 'ગુજરાત' ને સાથે લઈ ગયા છે. પંજાબમાંથી પણ બહુ મોટી સંખ્યામાં લોકોએ વિદેશમાં વસવાટ કર્યો છે. સમગ્રપણે ભારતીય મૂળની પ્રજા જયાં પણ ગઈ છે ત્યાં ભારતીય સંસ્કૃતિને અને અહીંની માટીની મહેકને - અહીંની પરંપરાને સાથે લઈ ગઈ છે. તેથી વરસના વચલા દહાડે એ બધાને દેશમાં આવી પોતાના હમવતની દેશવાસીઓ માટે કંઈ કરી છૂટવાનું મન થાય, તે સ્વાભાવિક છે. સરકારે એમની આ દુખતી રંગ પારખી છે અને એમને દેશમાં માનપાન સહિત બેવડું નાગરિકત્વ સુદ્ધાં આપી નવાજવાનો વિધાયક અભિગમ દાખવ્યો છે. ગુજરાતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનો મૂળ સંકલ્પ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉચ્ચાભિલાષી વ્યક્તિત્વની જ ફલશ્રુતિ છે. ગાંધીનગરમાં વાઈબ્રન્ટ ગુજરાતની ઉજવણી સાથે જ પ્રવાસી ભારતીય દિવસને સાંકળીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતની મોદી સરકારની આગવી ઓળખ બલકે પરંપરા બની ગઈ હતી. હવે જયારે ગુજરાત આખા ભારતનો પર્યાયવાચી પ્રદેશ બની રહ્યો છે ત્યારે વિકાસની ક્ષિતિજોને કોઈ સીમાડા હોઈ શકે ખરાં? આ દિવસો ગાંધીનગર અને ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાશે, જેનું શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે જ વર્તમાન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના ફાળે પણ નોંધાશે. ગાંધીનગરવાસીઓ પ્રવાસી ભારતીય અતિથિઓને અંતરના ઉમળકાથી આવકારે છે :

આવો, પધારો, આ તમારું જ ઘર છે :
જુઓ તો ખરા, (દિલ્હી નથી) આ તો ગાંધીનગર છે!

## TAT (આચાર્ય)ની પરીક્ષાની માર્કશીટનું વિતરણ કરાશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડિસેમ્બરમાં લેવાયેલા TAT (આચાર્ય) માટેનું પરિણામ સત્તાવાર બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવ્યું છે. પરિણામની માર્કશીટનું વિતરણ ઉમેદવારે જે જિલ્લાના પરીક્ષા આપેલ હોય તે જિલ્લાના વિતરણ કેન્દ્ર પરથી તા. ૮, ૯ અને ૧૦ જાન્યુઆરી દરમિયાન સવારના ૧૧ થી ૫ કલાક દરમિયાન કરવામાં આવશે. જેની ઉમેદવારોએ નોંધ લેવી.

**વિતરણ કેન્દ્રો**

| | |
|---|---|
| અમદાવાદ - | ગવર્મેન્ટ ગર્લ્સ સ્કૂલ, ખમાસા ગેટ ચાર રસ્તા, રાયખડ, અમદાવાદ |
| ગાંધીનગર - | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય એસ.ટી. ડેપોની સામે, સેક્ટર-૭, ગાંધીનગર |
| કચ્છ - | ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, બસ સ્ટેન્ડ પાસે, ભુજ |
| જૂનાગઢ - | ન્યૂ બેસ્ટ હાઈસ્કૂલ, પુષ્પક સોસા. જોષીપુરા, જુનાગઢ |
| ભાવનગર - | નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, નિલમબાગ પાસે, ભાવનગર |
| મહેસાણા - | ન્યૂ પ્રોગ્રેસિવ હાઈસ્કૂલ, સર્જન બિલ્ડીંગ, મહેસાણા |
| રાજકોટ - | શ્રી મોહનદાસ ગાંધી વિદ્યાલય, જવાહર રોડ, રાજકોટ |
| વડોદરા - | શ્રી વિવેકાનંદ વિદ્યાલય કારેલીબાગ, વડોદરા |
| સુરત - | જિ.શિ. શ્રીની કચેરી, સર જે.જે. સોરાબજી ટ્રેનીંગ સેન્ટર, ચોકબજાર, સુરત |

## ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ ટ્રાવેલીંગ એક્ઝિબીશનનું રાજ્યપાલના હસ્તે ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૬

આજે ગાંધીનગર નજીક ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે યોજાયેલ 'ઈતિહાસ અને આધુનિકતા-રોરિક સંધી' આધારિત પ્રદર્શનને રાજ્યના રાજ્યપાલ




ઓ.પી. કોહલીના વરદ હસ્તે ખુલ્લુ મુકાયુ હતુ. આ પ્રદર્શન રસિયન ચિત્રકાર નિકોલસ મોરિકના પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાઓના રક્ષણ-સંવર્ધન માટેના પ્રયાસોની યાદરૂપે યોજવામાં આવ્યુ હતું.

રાજ્યપાલ ઓ.પી. કોહલીએ ચિત્રકાર અને તત્વચિંતક નિકોલસ રોરિકની ૧૪૦મી જન્મ જયંતિ ગત વર્ષે વિશ્વભરમાં ઉજવાઈ હતી અને હેલેના રોરિકની ૧૩૫મી જન્મ જયંતિ તેમજ સેવો તોસ્લો રોરિકની પણ જન્મ જયંતિ ઉજવાઈ હતી. તેને યાદ કરીને સ્મરણાંજલિ આપી હતી. તેમણે આ વર્ષે 'ધી રોરિક પેકેટ' પર ૧૯૩૫માં હસ્તાક્ષર કરાયા હતા તેની ૮૦ની વર્ષગાંઠ મનાવી રહ્યા હોવાની માહિતી આપતા ગૌરવશાળા ભારતીય સંસ્કૃતિને સામાજીક પરંપરાઓ, પ્રતિક મૂલ્યો તથા સંયુક્ત પરિવારની ભાવનાને એક અતુટ બંધનમાં બાંધી રાખ્યા હોવાનું કહ્યુ હતુ. તેમણે વિવિધ ધર્મો, ભાષાઓ અને માન્યતાઓના સુભગ સમન્વયથી આપણો સમાજ વિશિષ્ટ ઓળખ પ્રાપ્ત કરે છે તેવુ જણાવ્યું હતું. અને નેશનલ લૉ યુનિવર્સિટીને ભારતીય કાનૂની ઈતિહાસ પર પ્રથમ સંગ્રહાલયની સ્થાપનાના પ્રકલ્પ પર કામ કરી રહી હોવા માટે પ્રસંશા વ્યક્ત કરી હતી.

તેમણે અતિથિ દેવો ભવની ભાવના આપણા માટે ગૌરવની વાત હોવાનું ગણાવતા વિશ્વના ઈતિહાસ અને અલભ્ય સંસ્કૃતિ વિરાસતની જાળવણી માટે યુનિવર્સિટી કેન્દ્ર બની હોવાનુ કહ્યુ હતુ. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામક પ્રો. બિમલ પટેલે પ્રદર્શનની માહિતી આપી હતી. ભારત સ્થિત રશિયન દુતાવાસ વરિષ્ઠ કાઉન્સિલર સર્જી કારમિલ્ટો અને રશિયાના ક્યુરેટર લારીસા સુરજિનાએ 'રોરિક પેક' અંગે રસપ્રદ માહિતી આપી હતી. યુનિવર્સિટીના મ્યુઝિમ ક્યુરેટર ડૉ. ઈન્દુલાલ મહક્મે આભાર દર્શન કર્યુ હતુ.

## હરિની દૃષ્ટિ...




લે, ગેસ સસ્તો થઇ ગયો... હવે શાકભાજી સસ્તા થાય ત્યાં સુધી રાહ જોવાની... !!

## ઉનાવાની પ્રાથમિક શાળામાં બાળકોને ગરમ સ્વેટરનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકાના ઉનાવા ખાતે વિદ્યાર્થી આશ્રમ સંચાલિત એ.એન. પટેલ પ્રાથમિક શાળામાં 'મેકિંગ અ ડિફરન્સ-મેડ' સંસ્થાના ઉપક્રમે બાળકોને સ્વેટર વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ અને મુખ્ય દાતા જશુભાઈ પટેલ તેમજ જીએનએફસીના રીજીયોનલ મેનેજર મહેશભાઈ ભટ્ટ, અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ બાળકની આર્થિક પરિસ્થિતિ શિક્ષણમાં બાધા ન બને તે હેતુથી યોજવામાં આવ્યો હતો

આ ઉપરાંત બકોરભાઈ પટેલ, સરપંચ પિયુષભાઈ પટેલ, કેળવણી મંડળના પૂર્વ મંત્રી ચીનુભાઈ પટેલ અને શાળાના આચાર્ય ડી.કે. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૨૫૦ બાળકોને સ્વેટરનું વિતરણ કરાયું હતું. મેડ સંસ્થાના સભ્યોએ બાળકો સાથે ગીતો પણ ગાયા હતાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાથમિક વિભાગના આચાર્યા કાજલબેન જાનીએ કર્યું હતું.

## સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આરોગ્ય ઉર્જા-શ્રમ વિભાગની સંયુક્ત ટીમ ફરી ચેમ્પિયન

**ફાઈનલમાં નાણા વિભાગની ટીમને હરાવી સતત બીજા વર્ષે ચેમ્પિયન : મેન ઓફ ધ મેચ અજય પટેલ, મેન ઓફ ધ સીરીઝ વત્સલ વોરા, બેસ્ટ બેટ્સમેન વિપુલ પ્રજાપતિ, દિપેશરાજ બેસ્ટ વિકેટકીપર અને મેઘરાજસિંહ બેસ્ટ ફિલ્ડર**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં સે. ૨૧ના જીમખાના ખાતે યોજાયેલ સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની



ફાઈલ મેચમાં આરોગ્ય-ઉર્જા-શ્રમ-બંદરોની સંયુક્ત ટીમ સતત બીજા વર્ષે ચેમ્પિયનશીપ મેળવી હતી. આ મેચમાં નાણાં વિભાગની ટીમને હરાવી સંયુક્ત ટીમે આ ટ્રોફી જાળવી હતી.

ફાઈનલ મેચમાં નાણા વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા ૪૦ ઓવર્સમાં ૨૦૮ રનનો સ્કોર કર્યો હતો. જેમાં સંદિપસિંહ ચાવડાના ૫૮ રન, શૈલેષ પ્રજાપતિના ૪૮ રન, ધવલ અગ્રાવતના ૩૩ રન અને ધર્મેશ જાનીના ૩૧ રનનો ફાળો મુખ્ય હતો. સંયુક્ત ટીમ વતી અજય પટેલે ૨૪ રનમાં ૨ વિકેટ મેળવી હતી. ૨૦૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં સંયુક્ત ટીમ વતી વત્સલ વોરાના ૫૫ રન અને અજય પટેલના ૫૧ રન સાથે હિતેન્દ્ર પટેલના ઝડપી ૨૨ રન તેમજ અતુલ બક્ષીના ૧૭ રનની સહાયથી ૩૮મી ઓવરમાં ૨૦૯ રન કરી વિજય હાંસલ કર્યો હતો. આ મેચમાં અજય પટેલને ઓલરાઉન્ડ દેખાવ બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

આરોગ્ય-ઉર્જા-શ્રમ વિભાગની સંયુક્ત ટીમે આ સ્પર્ધાના ઈતિહાસમાં સૌથી મોટા સ્કોરને ચેમ્પિયનને છાજે તે રીતે ૩૮ ઓવર્સમાં પાર કરી સતત બીજા વર્ષે ચેમ્પિયનશીપ જાળવી રાખી હતી. આ સ્પર્ધામાં બેસ્ટ બેટ્સમેન તરીકે વિપુલ પ્રજાપતિ, મેઘરાજસિંહ સોલંકીને બેસ્ટ ફિલ્ડર, બેસ્ટ વિકેટકીપર તરીકે દિપેશ રાજ અને સ્પર્ધામાં સૌથી વધુ ખત મેન ઓફ ધ મેચ બનનાર વત્સલ વોરાને મેન ઓફ ધ સીરીઝ જાહેર કરાયા હતા. વિજેતા સંયુક્ત ટીમને અલ્પેશ પટેલ દ્વારા દરેક મેચમાં પ્રોત્સાહન માર્ગદર્શન મળ્યું હતું.




અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સેક્ટર-૭ ખાતે 'સાડી-ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## બાલસાહિત્ય અકાદમીનું ૧૫મું અધિવેશન અમદાવાદ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૬

બાળસાહિત્ય તથા બાળસાહિત્યકારોનાં હિત, ગૌરવ તથા વિકાસ માટે કાર્યરત બાલસાહિત્ય અકાદમીનું ૧૫મું અધિવેશન આગામી તા. ૧૧ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે યોજાશે. ગુજરાત વિશ્વ કોશ ભવનના સભાખંડમાં યોજનારા આ અધિવેશનનું અધ્યક્ષસ્થાન વિખ્યાત લેખક ડૉ. કુમારપાળ દેસાઈ શોભાવશે.

બાળરંગભૂમિના વિકાસમાં મહત્વનું પ્રદાન કરનારા નાટયવિદો અમૂલખ ભટ્ટ અને જનક દવેનું સિલ્વર મેડલ એનાયત કરી સન્માન થશે. અધિવેશનની બીજી બેઠક દરમિયાન 'બાળકાવ્ય સામેના પડકારો' વિષય પર પરિસંવાદ યોજાશે. તેમાં ડૉ. ચિનુ મોદી, ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, યોસેફ મેકવાન તથા મીનાક્ષી ચંદારાણા અભ્યાસ રજૂ કરશે. અધિવેશનમાં સાહિત્યકારો, નાટયકારો અને બાળસાહિત્યમાં રસ ધરાવતા નાગરિકો ભાગ લેશે.



**શાળામાં આનંદમેળાની લિજ્જત**

સે-૮ની આદર્શ નિવાસી શાળામાં યોજાયેલા આનંદમેળામાં વિદ્યાર્થીનીઓએ વિવિધ વાનગીઓ જેવી કે મન્ચુરિયન, પાઉંભાજી, સેન્ડવીચ, પાણીપુરી, દાબેલી-પફ, છાશ-પાપડ, નુડલ્સ વગેરે જેવી આઈટમોના ૧૫ જેટલા સ્ટોલ્સ ઉભા કર્યા હતા. જેમાં મુલાકાતીઓએ ચટાકેદાર નાસ્તાનો સ્વાદ માણ્યો હતો. આ આનંદમેળામાં અનેક મનોરંજક રમતો પણ રમાડવામાં આવી હતી. આ આનંદમેળાનું આયોજન શાળાની ધો-૯ ને ધો-૧૧ની વિદ્યાર્થીનીઓએ કર્યું હતું.

## ટપાલ વિભાગના પ્રશ્નો હલ કરવા ડાક અદાલત યોજાઈ

ગાંધીનગર પોસ્ટ વિભાગ દ્વારા વિવિધ પ્રશ્નો હલ કરવા ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. પીપીએફ રોકાણકારો અને સિનિયર સીટીઝનો માટેની સવલતો અંગે રજૂઆતો કરાઈ હતી. અદાલતમાં પોસ્ટ ઓફિસમાં પીપીએફના નાણા સ્વીકારવા રોકાણકારોના હિતમાં ચેક સ્વીકારવાની સેવા સત્વરે ચાલુ કરાવાની જાહેરાત કરાઈ હતી. પીપીએફના રોકાણને માત્ર હેડ ઓફિસના બદલે સે. ૬, ૧૬, ૧૭, ૨૧, ૨૮ અને નવા સચિવાલય પોસ્ટ ઓફિસમાં પણ સ્વીકારાશે તે જણાવાયુ હતુ. હેડ પોસ્ટ ઓફિસમાં સિનિયર સીટીઝન્સ માટે અલગ કાઉન્ટરની વ્યવસ્થા ગોઠવાશે તેમજ પોસ્ટના કાર્ય અંગે કોઈપણ અડચણ અંગે ટે. નં. ૨૩૨૪૮૯૬૭ દ્વારા કસ્ટમર કેર સેવાઓ આપવામાં આવશે. વસાહત મહામંડળના પ્રતિનિધિ સી.ડી. ધનેશ્વર તથા સા.કા. પટેલે રજૂઆતો કરી હતી.

## બુટ્ટાદાર ગુજરાતનું દેવતાઇ પરાક્રમ એટલે 'વાઇબ્રન્ટ ગુજરાત'

**વિચારોના મધુવનમાં**
પ્રા. ડૉ. રાકેશ પટેલ

વાઈબ્રન્ટથી-૨૦૧૫ન્ત્ફૂ વિશેષ તૈયારીથી ગાંધીનગર નાજુક અને નાજનીન બની રહ્યું છે. આપણા અન્ય સાથી રાજયોને તંદુરસ્ત અને ધીંગી હરિફાઈ પુરી પાડનાર તથા ગુજરાતના દરેક નાગરિકને બળ આપનાર ગુજરાતી વડાપ્રધાનની દૂરંદેશીને નમસ્કાર. રાજયો દ્વારા દેશ બને છે એ વાત આપણા પૂર્વ શાસનકર્તાઓ કદાચ ભૂલી ગયા હતા. રાજકીય આડબીડમાં લોકોને અને રાજયની પ્રાથમિકતાઓને વિસારે પાડી દેવી એ ક્યાંનો ન્યાય અને રાજવટું? પાટનગરના બાંધવો તો જોલા થઈ મનથી હરખાઈ રહ્યા છે. બાળકો માટે આ અનુભવ આવતીકાલની ખુશીઓને ભરનારો બનશે? રાત્રે અડધું ગાંધીનગર રોશની અને નવીન પેવેલીયન્સને જોતા ઠરતા નથી.

કોઈ પણ રાજય જો એના નાગરિકોને એવો ભરોસો પૂરો પાડે કે જે કંઈ પ્રયત્નો થઈ રહ્યા છે તે છેવટે લોકોના કલ્યાણને વરેલા છે તો આનંદનો કોઈ અન્ય વિકલ્પ નથી. આ મહામેળાવડાની તૈયારીમાં પડેલા છે તેવા સર્વે અધિકારીઓ અને ઑફિસ સ્ટાફ ધન્યવાદને પાત્ર છે. કારણકે તેઓ રચાઈ રહેલા ઈતિહાસની પગથીઓના આધારરૂપ છે.

દિલ્હીમાં વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૫ પર ગુજરાત સરકારે રોડમેપ રજૂ કર્યો હતો અને પહેલી વખત એકસાથે સાત રાષ્ટ્રોની ભાગીદારી સાથે આ સમિટનું આયોજન થશે. ૧૧બત્ત્ફૂ ૧૩ જાન્યુઆરી વચ્ચે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહેલી આ સમિટમાં મોટા પાયે રોકાણની તક ખૂલે એ માટેનો આશાવાદ રાખવામાં આવી રહ્યો છે. જો કે રોકાણ જાયન્ટ કંપનીઓ અને સરકારી સાહસો વચ્ચે થવાની શક્યતા વધું છે.

વાઈબ્રન્ટ ગુજરાત એ શક્યાતાઓની યોજના છે. કદાચ તેમાં ક્યાંક નિષ્ફળતા ડોકાય તો પણ તેનો કોઈ રંજ નહિ રહે, કારણકે જગતમાં પ્રયત્ન પણ સફળતાની જેમ પૂજાય છે. ૧૩ વર્ષ સુધી ગુજરાતને નરેન્દ્રભાઈ મોદીએ વાઈબ્રન્ટનું નેતૃત્વ કર્યુ છે. ગુજરાતની પરિસ્થિતિથી આખું જગત વાકેફ છે. ૧૬૦૦ કિમીના લાંબા દરિયાકિનારાને હબ બનાવવાઈ રહ્યો છે. શક્યતા છે કે ૨૦૧૩ કરતા આ વખતે દોઢગણુ રોકાણ આવે. છેલ્લી ૬ વર્ષની સમિટથી વિશ્વભરમાં ગુજરાતની એક છબી ઉભી થઈ છે. વિશ્વભરમાં લોકોને ગુજરાતમાં મળતી સગવડતા વિશે જાણકારી મળી છે. ગુજરાત અને ગુજરાતીએ માટે ધંધાકિય વાતાવરણ ગ્લોબલ બની ગયુ છે. નરેન્દ્ર મોદીની આગેવની હેઠળ દેશ એક યોગ્ય દિશામાં ગતિ કરશે. ગુજરાતમાં સરકાર જાણી સક્રિય છે અને વિદેશ-ભારતમાં એનાથી લોકો વાકેફ થયા. અનેક ઈન્ડસ્ટ્રીયલિસ્ટ ગુજરાતના ભાગોમાં કારોબાર માટે સ્વયં નિર્ણય લઈ રહ્યા છે. જનઆરોગ્ય સુખાકારીના નવતર આયામો, હેલ્થ સેકટરને વાયબ્રન્ટ સમિટમાં ફોકસ કરાશે વાઈબ્રન્ટ ગુજરાતમાં.

વાઈબ્રન્ટ સમિટનાં પગલે મહાત્મા મંદિરને દુલ્હનની જેમ રૂડુંરુપાળું બનાવવા શણગારવામાં આવી રહ્યુ છે. જેમાં મહાત્માં મંદિરનાં મુખ્ય વીઆઈપી ગેટની સામેનાં બગીચાની લોનમાં હોલીવુડ સ્ટાઈલમાં લગાવવામાં આવેલા વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ન્ત્ત લાકડીયા અક્ષરો મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગાંધીજીનો મીઠાસત્યાગ્રહ એક જાણકારીનો અને નવીન વિચારોનો વાહક બની રહ્યો છે. અગર બની શોભી રહ્યો છે. ૧૧થી ૧૩ જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ સહિત દેશના વિવિધ રાજયોના પ્રતિનિધિઓ, દેશ-વિદેશના ટોચના ઉજ્ઞેગપતિઓ, અમેરિકા, જાપાન, કેનેડા, ચીન સહિતના દેશોના ડેલીગેશનનો જમાવડો મહાત્મા મંદિરે જોવા મળવાનો છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન હેલ્થ, એજયુકેશન, ટૂરિઝમ, ડીફેન્સ સહિતના ક્ષેત્રોમાં એમઓયુ થનારા છે. સામાન્ય રીતે છેલ્લા ચારેક વાઈબ્રન્ટનું ઉધ્ઘાટન તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામા આવતું હતું અને આ વખતે પણ મોદી જ તેનું ઉધ્ઘાટન કરવા જઈ રહ્યાં છે. જોકે સ્થિતિ અને પળ એ જ છે પરંતુ તેમનું પદ બદલાયું છે. પહેલા તેમણે મુખ્યપ્રધાન તરીકે આ સમિટનું ઉધ્ઘાટન કર્યુ હતું, આ વખતે તેઓ દેશના વડાપ્રધાન તરીકે આ સમિટનું ઉધ્ઘાટન કરવાના છે. જેને લઈને પણ આ સમિટ ખાસ બની ગયું છે. નરેન્દ્ર મોદીએ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટની શરૂઆત કરી હતી.

૨૦૦૧ના ભૂકંપના કારણે કચ્છ સહિતના વિસ્તારોમાં તબાહ થઈ ગયા હતા અને ગુજરાતને તેમાંથી બેઠું થવાનું હતું, ગુજરાત એ દિશામાં આગળ વધી જ રહ્યું હતું. શ્રી મોદીએ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન કર્યુ અને દેશ-વિદેશના ઉજ્ઞેગપતિઓને એ વિશ્વાસ અપાવ્યો કે રોકાણ કરવા માટે ગુજરાત આજે પણ શ્રેષ્ઠ છે અને તેઓ ખરા પણ ઉતર્યા. જયારથી આ સમિટની શરૂઆત થઈ ત્યારથી દર વર્ષે વિવિધ ક્ષેત્રોમાં એમઓયુ કરવામાં આવે છે અને દર વર્ષે ગુજરાતને લઈને ખાસ જાહેરાતો પણ કરવામાં આવે છે, જેમાનું એક જીવંત ઉદાહરણ ગિફ્ટ સિટી પણ છે.આ સમિટ ૨૦૧૫ઝત્ત્દ્ દેશની રાજધાની દિલ્હી પ્રથમવાર ભાગ લેવા જઈ રહ્યું છે. દિલ્હી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫ઝત્ત્દ્ પોતાની સિદ્ધિઓ અને ટ્રેડ શોનું પ્રદર્શન પણ યોજશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની તૈયારીઓ હવે આખરી તબક્કામાં ચાલી રહી છે. સમગ્ર ઈવેન્ટને સફળ બનાવવા માટે રાજય સરકારનું આખુંયે તંત્ર કામે લાગી પડયું છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સુરક્ષા વ્યવસ્થાને લઈને કેવી તૈયારીઓ છે તે અંગે મિનિસ્ટ્રી ઓફ એક્સર્ટનલ અફેર્સ વિભાગ સમિક્ષા કરશે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં દેશવિદેશના મહાનુભાવો ભાગ લેવા આવી રહ્યાં છે ત્યારે તેમની સુરક્ષાને લઈને તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. અમદાવાદ એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, મહાત્મા મંદિર સંકુલ, એકસ્પો ગ્રાઉન્ડ અને સ્વર્ણિમ પાર્ક સહિત પાટનગર ગાંધીનગરના માર્ગો પર કુલ મળીને ૨૦ વોચ ટાવરો ઉભા કરાશે જયાંથી પોલીસ તમામ અવરજવર પર બાજનજર રાખશે.

પ્રવાસીઓ હંમેશા દેશની સારી કે ખરાબ છાપ લઈને સ્વદેશ જાય છે. જો સારી છાપ પડે તો તે ફરી આવતા હોય છે અને આપણી જાહેરાત અન્ય નાગરિકો સમક્ષ કરતા રહે છે. કેન્દ્રીય વિદેશપ્રધાન સુષ્મા સ્વરાજની અધ્યક્ષતામાં વર્ષ ૨૦૧૫ના પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનું ગુજરાત પ્રથમવાર યજમાન બન્યું છે. ઉત્સવોમાં જોલું થતું ગુજરાત બધાને ગમી જાય તેવું હોય છે. પતંગોત્સવ હોય કે નવરાત્રી આખા વિશ્વને આપણે ગુજરાતના આંગણે આવકાર્યા છે.